ગાંધીનગર સમાચાર

## ‘અષાઢસ્ય પ્રથમ દિવસે’

# પનઘટ કલા કેન્દ્રની અફલાતૂન કલા પ્રસ્તુતિ





સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા મંગળવારે ટાગર હૉલ, અમદાવાદ ખાતે વેદશાસ્ત્ર પારંગત સુસંસ્કૃત પંડિત સન્માન, સાહિત્ય ગૌરવ પુરસ્કાર, યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ સમારંભ તથા સંસ્કૃત ભાષા પરિવાર સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ‘અષાઢસ્ય પ્રથમ દિવસે’ શિર્ષક હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત સંસ્કૃત ગરબા, રાસ, નાટક જેવા વિશિષ્ટ કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નૃત્ય, રાસ-ગરબાની રમઝટ ગાંધીનગરની ખ્યાત અને સક્રિય સંસ્થા ‘પનઘટ કલા કેન્દ્ર’ના કલાકારો દ્વારા બોલાવવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ ભાવિન પટેલના નેતૃત્વમાં ગાંધીનગરના આ યુવા કલાકારોએ પોતાના સુંદર કલા પ્રદર્શન થકી ઉપસ્થિત પ્રેક્ષકોની ખૂબ વાહવાહી પ્રાપ્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી, મુખ્ય અતિથિ તરીકે રાજ્યના સાંસ્કૃતિક મંત્રી નાનુભાઈ વાનાણી તથા અતિથિ વિશેષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ વી પી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ ઉપસ્થિતિ સંસ્કૃત ભારતીના અધ્યક્ષ ડૉ. કૃષ્ણપ્રસાદ નિરુલ્લાની રહી હતી.

## જન્મદિને વધામણી



**આનંદ દેવાભાઈ શ્રીવાસ્તવ**
મો. ૯૧૭૩૦ ૩૨૩૧૬



**સોહા અઝીઝ મનસુરી**
મો. ૯૪૨૭૦ ૦૬૩૨૬



**નરેન્દ્રભાઈ જે બારોટ**
ઉપપ્રમુખ, બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૮૭૯૨ ૧૦૨૧૧

## પ્રા. સિદ્ધાર્થ પટેલ પીએચડી થયા



ગાંધીનગર, તા. ૭

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે ફરજ બજાવતા પ્રા. સિદ્ધાર્થ દિનુભાઈ પટેલને કડી સર્વ વિશ્વવિદ્યાલય તરફથી પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે. પ્રા. સિદ્ધાર્થ દિનુભાઈ પટેલે ‘એક્ઝામીનિંગ ધ ઈમ્પેક્ટ ઑફ ઈન્ડિયન આઈપીઓસ ઑન શેર પ્રાઈસીસ એન્ડ ઈન્ટરેસ્ટ ઑફ સ્ટેઈક હૉલ્ડર્સ સિન્સ લાસ્ટ ૧૦ યર્સ’ વિષય ઉપર ડૉ. જે એ સરવૈયા, સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ મહાશોધ નિબંધનો વિશ્વવિદ્યાલયે માન્યતા આપી છે. કૉલેજ પરિવારે તેમની આ સિદ્ધિને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.



સૅક્ટર-૨૪માં કાર્યરત સ્વામી વિવેકાનંદ સ્કૂલ દ્વારા રથયાત્રા પર્વની ઉજવણી બુધવારે કરવામાં આવી ત્યારે બાળકોએ કૃષ્ણ-ગોપ-ગોપીઓની વેશભૂષા ધરીને સુંદર દશ્યોનું સર્જન કર્યું હતું.

## લીઓ પ્રમુખ સંકેત ગોરને બૅસ્ટ પ્રૅસિડૅન્ટનો ઍવોર્ડ



ગાંધીનગર, તા. ૭

લાયન્સ ડિસ્ટ્રીક્ટ ૩૨૩-બીના ગવર્નર ધર્મેશભાઈ સોનીના હસ્તે લીઓ ક્લબ ઑફ ગાંધીનગરને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવા બદલ ૩ ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

લીઓ પ્રમુખ સંકેત ગોરને બેસ્ટ પ્રેસિડેન્ટ, મંત્રી વિવેકસિંહ ચૌહાણને આઉટસ્ટેન્ડીંગ મંત્રી અને ક્લબને બેસ્ટ ક્લબનો એવોર્ડ પ્રાપ્ત થયો છે.

લીઓ એડવાઈઝર લાયન અમરિષ પુજાણી તેમજ લીએ ચૅરમૅન કુંજ વોરા દ્વારા પ્રમુખ, મંત્રીને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
સુલતાન ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨**
સુલતાન ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૩૦
**સ્ક્રીન-૩**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
દાવ થઈ ગયો યાર ૧૨.૩૦, ૩.૦૦
સુલતાન ૫.૩૦, ૯.૩૦
**સ્ક્રીન-૫**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦
૬.૩૦, ૧૦.૦૦





સ્વામિનારાયણ મંદિર, સૅક્ટર-૨૩ ખાતે સંસ્કાર ઘડતરની ધૂણી ધખાવીને બેઠેલા પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીના ૮૨મા જન્મદિન, અષાઢ સુદ બીજ, રથયાત્રાના દિવસે ભાવિક ભક્તોએ સત્સંગ સભાનું આયોજન ગોઠવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના ડૅપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બાળકો, યુવાનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સેવાના ભાગરૂપે લાકરોડા પ્રાથમિક શાળાના તમામ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે બે હજાર નંગ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## યુવા અનસ્ટૉપેબલ દ્વારા રથયાત્રાળુઓ માટે મસાલા સોડાનું વિતરણ કરાયું



‘યુવા અનસ્ટૉપેબલ’ના નામથી ગાંધીનગર શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા યુવાઓના જૂથ દ્વારા રથયાત્રામાં પણ સેવાકાર્ય બજાવવામાં આવ્યું હતું. ૩ નંબરના રોડ ઉપર ૭/૨ પાસે આ યુવાનોએ રથયાત્રાના માર્ગમાં મસાલા સોડાનું વિતરણ ગોઠવ્યું હતું અને રથયાત્રામાં જોડાયેલા ભાવિકોને તેનો લાભ આપ્યો હતો.

# પ્રામાણિકતા આવતી નથી અને બૅડ લૉન્સ ઘટતી નથી




mmtrivedi007@gmail.com

ભારતની આઝાદી પછી માર્ચ, ૨૦૧૬ના અંતમાં જે બૅન્કોના સરવૈયાની હાલત જોવા મળી તે કદાચ સૌથી કંગાળ અને ચિંતાજનક જોવા મળી અને બિનકમાઉ અસ્કયામતો (નોન પરફોર્મિંગ ઍસેટ્સ)ની સપાટી જે રીતે વધી તે વાસ્તવમાં અર્થતંત્રનો ભૂકંપ જ કહી શકાય. બૅન્કોની બૅન્ક એટલે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા તેના દ્વારા જે પગલાં યોગ્ય લાગે તે લેતી રહે છે અને જાહેર ક્ષેત્રની, સહકારી, ખાનગી બૅન્કો તેની માર્ગદર્શિકા અનુસાર ઋણસર્જન, વિસ્તરણ કે સંકોચન કરતી રહે છે. પણ આમ નાગરિકો હવે પ્રથમવાર ચિંતામાં આવી ગયા છે કેમ કે વિજય માલ્યા કરોડોનું ફુલેકું ફેરવી ગયો એવી વાત પ્રત્યેક સ્થળે પૂરા રાષ્ટ્રમાં થવા લાગી. વિજય માલ્યા નામની કોઈ પૈસાદાર, મોટી હસ્તી, વગદાર અને નીતિહિન નીકળી તેવું જનતાને જાણવા મળ્યું, સાથોસાથ એવો એક મૅસેજ ગયો કે ‘વિલફુલ ડિફોલ્ટર્સ’ (સમર્થ હોવા છતાં જાણીજોઈને લોન ભરતા નથી તેવા) થઈ જાય તો બૅન્કો કંઈ કરતી નથી કે કરી શકતી નથી. ૨૦૧૬ના છેલ્લા ત્રિમાસિક નાણાંકિય પરિણામોથી ખુદ સરકાર પણ ચિંતામાં આવી ગઈ. સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનો નફો ખૂબ ઘટી ગયો ઉપરાંત બીજી જાહેર ક્ષેત્રની બૅન્કોની નફાકારકતા તળિયે જતી રહી. આ બધાની માહિતી મીડિયાની જબરી પ્રભાવક શૈલીના કારણે ગામડાઓના નાગરિકો સુધી પહોંચી. બૅન્કોએ પ્રજાનાં નાણાં બાબતે પોતાની કાર્યકુશળતા અને સરકારના નીતિ-નિયમોના પાલનથી એવો વહીવટ કરવો જોઈએ કે તેની નફાકારકતા તૂટે નહીં અને અર્થતંત્ર વેગવતું રહે પરંતુ આ સ્થિતમાં ગાબડાં પડી ગયાં અને હવે સરકાર જૂના એજન્ડા ફરીથી અમલમાં મૂકવા જઈ રહી છે.

ઉદારીકરણની નીતિ ઘડવામાં આવી ત્યારે જ નરસિહમ કમિટીએ બે વાર પોતાનો રિપોર્ટ જે તે વખતની સરકારને આપ્યો હતો, તેમાં પારસ્પરિક વિલીનીકરણ, મર્જર કે કંસોલિડેશન્સની ભલામણ કરવામાં આવી હતી. ૧૯૯૩ બાદ આ ભલામણો બાદ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં બે સહયોગી સ્ટેટ બૅન્કો એટલે કે સ્ટેટ બૅન્ક ઑફ સૌરાષ્ટ્ર અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્દોરને મર્જ કરવામાં આવી, તે પણ ૨૦૦૮માં અને ત્યાર પછી મર્જરની વાત ઢીલી થઈ ગઈ હતી. અત્યારે અન્ય પાંચ સહયોગી બૅન્કોને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ભેળવી દેવા મંજૂરી મળી ગઈ છે, જેને માર્ચ, ૨૦૧૭ સુધીમાં અમલી કરવાની વાત જાહેર થઈ છે. બીજી છવ્વીસ જેટલી બૅન્કોના મર્જરથી ૬થી ૧૦ જેટલી બૅન્કોને રાષ્ટ્રમાં કાર્યરત રાખવાની નેમ છે.


સવાલ સૌથી મહત્ત્વનો ઝડપી મર્જર અંગેનો નથી પરંતુ દર્દ કયું છે ? અને તેની દવા કઈ છે તે વિશેનો અહમ છે. બૅન્કોની સ્થિતિ કથળી ગઈ, શા માટે ? અને તેમાં જવાબદારી કે ઉત્તરદાયિત્વ કોનું ? પ્રજાનાં નાણાં વેડફાઈ જાય (ઍન્ડ યુઝ ઑફ મની ના થાય) અને નાણાં પરત ના આવે (વૅરી લો ઑર ઝીરો રિકવરીઝ) એ માટેની જે હાલત ઊભી થઈ છે તેના માટે હવે શું કરવું તે મુખ્ય છે. બૅન્કોનું ઘણું ઑડિટ અવિરત થતું રહે છે. છતાં સ્થિતિ કેમ વિકૃત થઈજાય છે ? નાણાં ધિરાણની પાત્રતા સામે કોણ અને શા માટે આંખ આડા કાન કરે છે એ જ ચિંતનનો મુદ્દો છે. વળી, ઍનપીએ રાતોરાત વધી જતું નથી. ત્રીજું, બૅન્કો પોતાની કાર્યપ્રણાલિ મુજબ જ કામ કરે છે કે નહીં ? ભારતમાં વર્ષોવર્ષ મોંઘવારી, તણાવ, વસતી વધતી જાય છે તેમ-તેમ લોકોની પ્રામાણિકતામાં કમી આવી રહી છે. વધુ ભણેલા વધુ ખરાબ-ખોટું કઈ રીતે અને ક્યાં થાય તેમ છે તે શોધતા રહે છે. ટૂંકમાં શિક્ષિત લોકોની પ્રામાણિકતામાં ભરતી આવતી નથી !

પ્રામાણિકતા બજારમાંથી મળતી નથી, સદ્‌ગુણોની હાટ ના હોઈ શકે અને સમાજે એવી શૈલી ઊભી કરી છે જેના કારણે લોકો ગમે તેમ કરી સક્ષમ-શ્રીમંત થવા તત્પર છે. માટે જ આ નાણાંકિય સંસ્થાઓને ધક્કો લાગ્યો છે. લોન એ પરત કરવાની અને સમયમર્યાદામાં નિયત રકમથી આપવાની હોય છે, તે લોકો સમજતા નથી અથવા તેમને કોઈ પીઠબળ મળી જાય તો વસૂલાત કોઈપણ રીતે આવતી નથી.

ભ્રષ્ટાચાર જ્યારે સર્વત્ર બની જાય પછી બૅડ લૉન્સ ઘટાડી શકાતી નથી કારણ કે કાનૂનનો ડર કશે રહ્યો નથી ! નક્કર વાસ્તવિકતામાં જઈએ તો ઘણું દુખ થાય તે રીતે આજનું બૅન્કિંગ ચાલે છે. બસ, ટાર્ગેટ પૂરો કરો, બીજી કોઈ દલિલ ના જોઈએ. એવા માહોલમાં ઘણું બધું અનુચિત પ્રવેશી શકે છે. સરકારની ઈચ્છાશક્તિ વિકાસની હોય એ ઉમદા વાત છે પરંતુ શિસ્ત વગરના સમાજમાં વિકાસ લાવવો એ અતિશયોક્તિ જ કહી શકાય. નાના માણસો દિલ-દિમાગથી બહુધા મોટા જોવા મળે છે અને મોટા ગણાતા માણસોની અલ્પતા જોઈને થાકી જવાય તેવી આજની આપણી સ્થિતિ છે. બૅન્કોનું મર્જર થયા બાદ કુલ ઍનપીએ કદાચ વિકરાળ બનીને જાહેર થશે. નીતિ-નિયમોથી પણ બૅન્કો બહાર જઈ શકે તેમ નથી ત્યારે માત્ર એક જ ઉપાય એ છે કે લોકો ખોટું ના કરે એ બૅન્કો નિર્ધારિત કરે અને લોકોમાં પ્રામાણિકતા વધે તો સ્થિતિ સુધરી શકે. બૅન્કોની હાલત આજે પણ ઉમદા નથી, બધા જ સરકારી અમલીકરણનો તે હિસ્સો બની ગઈ છે અને સ્ટાફની કમી સાર્વજનિક તત્ત્વ દેખાય છે. ત્યારે પ્રશાસને પણ યોગ્ય સહકાર દર્શાવવો પડશે. બૅન્કોને ટકાવવા, વિકસાવવા અને સમૃધ્ધ કરવા માટે તેના પ્રશ્નો પર ધ્યાન આપવું જ પડશે, અન્યથા બૅડ લૉન્સ બૅન્કોને આઈસીયુના બૅડ પર લઈ જશે.

‘તુફાનોમાં ફક્ત તેઓ તરીને
પાર નીકળે છે,
ફરી વળતું નથી જે લોકોની
હિંમત પર પાણી’

(બેફામ)




## સિંધી સમાજનું ગૌરવ



ગાંધીનગર, તા. ૬

વંશ મુરલીધર વાધવાણીએ અંગ્રેજી સાહિત્યમાં ૭૭ ટકા ગુણ મેળવીને બીએ (ઑનર્સ)ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. શેઠ આર એ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સમાં વંશે પ્રથમ અને ગુજરાત યુનિવર્સિટીમાં ૧૧મું સ્થાન મેળવ્યું છે. તેમની આ સિદ્ધિ બદલ કૉલેજના અધ્યાપકો, સિંધી સમાજ તથા પરિવારજનોએ તેમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**‘મારી સ્નેહાળ સખી’**